## તંત્રીલેખ

# નયી દુનિયા નયા કદમ

વિક્રમ સંવંત ૨૦૮૧નો સૂર્ય દૂર પૂર્વની ક્ષિતિજે ઉદયમાન થઈ રહ્યો છે. સમગ્ર ભારતવર્ષમાં વિક્રમનું નવું વર્ષ એક મહાન લોકોત્સવ છે. હૃદયની ઉર્મિઓની અભિવ્યક્તિ અને શુભેચ્છાની આપ-લેથી પ્રાતઃકાળની શરૂઆત થાય છે. સંતાનો પોતાનાં માતા-પિતા અને વડીલોના ચરણમાં છુપાયેલા સ્વર્ગને સ્પર્શ કરે છે અને વડીલો પોતાની પછીની પેઢી પર શુભાશિષની અમૃતવર્ષા કરે છે. ટેકનોલોજીએ આપણા માનવ સંબંધોમાં નવી રંગોળી પૂરી છે. તો પણ ભારતીય સંસ્કૃતિનો આત્મા હજુ એનો એ જ રહ્યો છે. વિક્રમનું વીતેલું વર્ષ વિવિધ દેશો વચ્ચેના યુદ્ધોન્માદ અને આર્થિક ઉથલપાથલમાંથી પસાર થયું. આમ તો છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી ભારતીય પ્રજા એક ન સમજાય તેવા મોંઘવારીયુક્ત સંકટમાંથી પસાર થઈ રહી છે. હજુ સુધી એમાંથી કોઈ એવો સ્પષ્ટ માર્ગ એને મળી આવ્યો નથી કે જે ચોક્કસ ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જાય. દર વરસે દુનિયા બદલાઈ જાય છે. અને તોય આશા અમર રહે છે.

હજુય આર્થિક બાબતોમાં ભવિષ્ય પરત્વે લોકમાનસમાં ધુમ્મસ છવાયેલું છે. હજુ ખરીફ પાક ખેતરથી ખળા સુધી આવવાને થોડીક વાર છે અને હેમંત ઋતુના પવનમાં રવિપાકની મોસમનો આ વરસે વિલંબિત શુભારંભ થશે. શિયાળાના પવનની શરૂઆત થઈ ગઈ છે. મંદ મંદ સમીર વહેતો થયો છે. ચોમાસામાં જે સારો વરસાદ થયો એને કારણે ક્યાંક અતિવૃષ્ટિ પણ થઈ, પરંતુ રાષ્ટ્રીય સરેરાશ જુઓ તો છેલ્લા ચોમાસાના વરસાદને તમામ નદીઓ, તળાવો અને ડેમ છલકાઈ ગયાં છે.


ખરીફ પાક બજારમાં આવશે અને એમાંથી જે આવક થશે એ ખેડૂતો માટે પાછલી બાકીની પરિપૂર્તિ કરવામાં અને જૂના ખર્ચના ખાડાઓને પૂરવામાં વપરાઈ જશે. ઘણા બધા ખેડૂતો આ વખતે લીલા દુષ્કાળનો અનુભવ કરી રહ્યા છે. તેમ છતાં જેમને સમયસરનો સપ્રમાણ વરસાદ મળ્યો છે તેઓના દ્વારા ચોમાસાના સારા કૃષિલક્ષી પરિણામરૂપે બજારમાં નવો રૂપિયો ફરતો થશે. વળી, એના પછીની રવિપાકની જે મોસમ આવશે એની ફળશ્રુતિ રૂપે પ્રાપ્ત ધન અને ધાન્યને કારણે ભારતીય બજાર અણધારી ઊંચકાશે. અત્યારે દેશમાં સરકાર નથી સ્વીકારતી એવી મંદી અસ્તિત્વ ધરાવે છે એ એક હકીકત છે. પરંતુ એનો આધાર લઈને કેટલાક લોકો જાણે કે ભારત દસ વરસની ઘોર મંદીમાં ધકેલાઈ જવાનું હોય એવા કોષ્ટકો લઈને મીડિયામાં ફરી રહ્યા છે તે તો અતિશયોક્તિ છે અને અમુક હદે હાસ્યાસ્પદ પણ છે.

કારણ સ્પષ્ટ છે કે ભારત વિશ્વના નકશામાં એક કન્ઝ્યુમર કન્ટ્રી છે. આપણી આટલી વિરાટ જનસંખ્યા માટે એની મુખ્ય જીવનધારા નિભાવવા ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ અનિવાર્ય છે. એને કારણે ઉત્પાદન પ્રક્રિયા પણ અનિવાર્ય છે અને એ જ કારણસર દેશના અર્થતંત્રનું ગતિમાન રહેવું પણ સ્વાભાવિક છે. આ પરિસ્થિતિમાં વરસાદે જે કમાલ કરી છે તે આ કારતકથી શરૂ થયેલા નવા વરસના છએક મહિના પછી પોતાનો અસલી રંગ બજારમાં બતાવશે. એને કારણે ભારતીય બજારોમાં પૂર્ણતઃ તેજી આવવાની સંભાવના છે. ભારતમાં વિવિધ સરકારોએ અગાઉ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને ચીન, અમેરિકા, ફ્રાન્સ અને સ્પેનની જેમ દેશને ઔદ્યોગિક ઉત્ક્રાંતિવાદ તરફ લઈ જવાનો જબરજસ્ત પ્રયત્ન વારંવાર કર્યો છે તો પણ ભારતના અર્થતંત્રની મુખ્ય આધારશીલા હજુ સુધી ઉદ્યોગો બની શક્યા નથી. આજે પણ ભારતનું કૃષિક્ષેત્ર જ અર્થતંત્રની મુખ્ય કરોડરજ્જુ છે.

જમીન માલિકો બધા જ ખેડૂતો નથી. મોટાભાગના ખેતીના વહીવટદારો છે એટલે કે ખોટા ખેડૂતો છે અને ખેતી તો દિવસ-રાત મહેનત કરતા ખેતમજૂરોના હાથમાં જતી રહી છે. તો પણ ભારતમાં ખેતી પરંપરાગત રીતે અને સમજણપૂર્વક થાય છે. ભલે ખેતીનું પૂર્ણતઃ આધુનિકીકરણ ન થયું હોય અને જમીન માલિકોની નવી પેઢી ખેતીથી વિમુખ હોય તો પણ જે રીતે ખેતી કરવામાં આવે છે તે રીત હજારો વર્ષોના અનુભવ પછી નીપજેલી પ્રણાલિકા પ્રમાણેની છે. વિક્રમનું નવું વર્ષ ભારત માટે વ્યાપાર, વાણિજ્ય, સાર્વત્રિક વિકાસ, જનારોગ્ય અને સરહદી સમસ્યાઓના સંદર્ભમાં મહત્ત્વનું છે. આ એક એવું વરસ શરૂ થયું છે જેમાં નેતાઓની, પ્રજાની અને બુદ્ધિમાન ગણાતા સરકારના પ્રતિનિધિ જેવા વરિ અધિકારીઓની ખરેખરી કસોટી છે. ભારતીય પ્રજા એક શ્રદ્ધાવાન પ્રજા છે. એના હૃદયમાં ઊંડે ઊંડે સાત્વિકતા, પરોપકાર અને ધર્મપ્રિયતા છે. દેશના કેટલાક રાજપુરુષો પ્રજાની લાગણી સાથે ક્યારેક રમત રમે છે અને જનજીવન ડહોળે છે. એનાં ઉદાહરણો એક શોધવા જતા અનેક મળે તેમ છે. તો પણ ભારતીય પ્રજાના અંતઃકરણના જળ હજુ એવાંને એવાં જ નિર્મળ, વિશુદ્ધ અને આછરેલાં છે. ભીતરના જળ હજુ ડહોળાયાં નથી અને એ જ સમગ્ર ભારતની રાષ્ટ્ર તરીકેની સૌથી મોટી તાકાત છે. વિક્રમનું નવું વર્ષ પ્રજા માટે અનેક અમર આશાઓ લઈને પ્રગટ થઈ રહ્યું છે, પ્રજા એને સ્વયં પરત્વેના આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર તરફના વિશ્વાસથી આવકારશે.

HAPPY DIWALI
WITH BEST COMPLIMENTS FROM
WELL WISHERS

નૂતન વર્ષાભિનંદન
એક શુભેચ્છક




India's one of the largest,
innovative & industry useful startups
PharmaCupboard.com
invites you to buy
Excess / Surplus Inventory
at reasonable discounted price
- API
- Intermediates
- Chemicals
- Solvents
- Excipients
- Packing
- Flavours
- Catalysts
- By products
625+ MT materials sold
+91 - 63525 38032
care@pharmacupboard.com
Rajshree Business InnoMarketing Pvt Ltd
www.pharmacupboard.com

Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN®
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતું પર્વ એટલે દિવાળી

આપણે ત્યાં ઉત્સવોમાં દિપોત્સવ ને ઉત્સવોનો રાજા માનવામાં આવે છે. જેવી રીતે નવરાત્રિના સમયે આપણે માતા જગદંબાની ઉપાસના કરીએ છીએ એવી જ રીતે દિવાળીના દિવસોમાં પણ ભગવાન વિષ્ણુ સહિત જગદંબાની ઉપાસના કરવામાં આવે છે. અજ્ઞાનના અંધારાને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતું પર્વ એટલે દિવાળી. 'અસતોમા સદ ગમય, તમસોમા જ્યોતિર્ગમય' એ ઉપનિષદોના મંત્રોને સાર્થક કરતું પર્વ એટલે દિવાળી. દિપોત્સવની શરૂઆત 'વાક બારસ' થી થાય. સામાન્ય રીતે વાક બારસને આપણે 'વાઘ બારસ' કહેતાં હોઈએ છીએ. પણ સાચો શબ્દ 'વાક' છે. વાક એટલે સરસ્વતિ માતાજી અને તેમની પૂજાનું પણ મહત્ત્વ આ બારસને દિવસે છે. વાક બારસનું બીજુ નામ છે 'ગોદ્વાદશી'. આ સમયે 'ગૌ' પૂજાનું વિશેષ મહત્ત્વ છે. શ્રીમદ્ ભાગવતજી અનુસાર વિદ્વાનોનું માનવું છે કે, બ્રહ્માજીએ જે વાછરડા અને ગોવાળિયાઓનું અપહરણ કર્યું હતું એને બારસના દિવસે મુક્ત કરી ભગવાન શ્રીકૃષ્ણને સોંપ્યા. ત્યારથી આ બારસ ગોદ્વાદશીના નામે પ્રસિદ્ધ છે. તિથિઓમાં બારસ એ ભગવાન વિષ્ણુનુ સ્વરૂપ છે. ધન તેરસના દિવસે ભગવાન ધન્વન્તરી અમૃત કળશ લઈને પ્રગટ થયાં. ભગવાન ધન્વન્તરીએ ઔષધીઓ પણ પ્રગટ કરી. સામાન્ય રીતે ધનતેરસના દિવસે આપણે ધનની પુજા કરીએ છીએ પણ ધન્વન્તરી ભગવાનની પુજાનુ મહત્ત્વ એટલા માટે છે કે સૌથી મોટામાં મોટું ધન એ આરોગ્ય છે. આપણું શરીર સારું રહે એનાથી બીજું મોટું કોઈ ધન નથી. આપણા શાસ્ત્રોએ માત્ર રૂપિયા પૈસાને જ ધન નથી માન્યું. ગાય, અશ્વ એ પણ ધન સંપત્તિ જ છે. માટે બ્રાહ્મણો આશિર્વાદ આપતાં કહે છે કે, 'ગોવાજીરસ્તુ'. ધન તેરસના દિવસે ભગવાન કુબેર, ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી માતાજીનું પુજન કરવામાં આવે છે.કાળી ચૌદશ એ મહાકાલી માતાજીની ઉપાસનાનું પર્વ છે. સામાન્ય રીતે કાળી ચૌદશના દિવસે બધાં કકળાટ કાઢતાં હોય છે, પણ ભાવાત્મક રીતે જોઈએ તો આપણી અંદર રહેલાં કામ, ક્રોધ, લોભ અને મોહ રૂપી કકળાટ જાય તો જ કાળી ચૌદશ આપણા માટે સાર્થક બને. મહાકાળી માતાજીએ માત્ર રક્તબીજ જેવાં જ અસુરોનો નાશ નથી કર્યો પરંતુ આપણી અંદર રહેલાં મોહ રૂપી મહિસાસુરનો નાશ કરવાવાવાળા છે. ભોમાસુરના ત્રાસથી ૧૬૧૦૦ કન્યાઓને શ્રીકૃષ્ણ ભગવાને મુક્ત કરાવીને એમનો મહારાણી તરીકે સ્વીકાર કર્યો. વિદ્વાનો માને છે કે, એ સમયે આ કાળી ચૌદશ હતી. કાળી ચૌદશને 'યમ ચતુર્દશી' પણ કહેવામાં આવે છે. આ દિવસે યમ દિપ દાનનું મહત્ત્વ છે. તેલનો દિવો કરી ઘરની બહાર મુકવાથી અથવા તો મંદિરમાં પધરાવવાથી પિતૃઓનો મોક્ષ થાય છે એવું ધર્મસિંધુ નામના ગ્રંથમાં વર્ણન છે.દિવાળીને દિવસે દિપ પ્રગટાવવાનું મહત્ત્વ છે. ભગવાન શ્રી રામજી રાવણ ઉપર વિજય મેળવીને આવ્યાં તે સમયે અયોધ્યાના પ્રજાજનોએ શત-શત દિવડાં પ્રગટ કર્યાં. આપણી અંદર રહેલી આસુરી સંપદાનો નાશ કરી દૈવી ગુણોને કેળવવાં એ જ દિવાળી. દિવાળીના દિવસે મશાલ પ્રગટાવવાનું મહત્ત્વ છે. એ મશાલ પિતૃઓને વૈકુઠ પહોંચાડવાવાળી છે. સરસ્વતિ માતાજી અને મહાલક્ષ્મી માતાજીની ઉપાસના પણ આ દિવસે થાય છે જે ચોપડા પૂજનના નામે પ્રસિદ્ધ છે. કારતક મહિનાની સુદ પ્રતિપદા એ નૂતન વર્ષ તરીકે આપણે સૌ ઉજવીએ છીએ. આ સમયે ભગવાન શ્રી રામજીએ રાજ્યને ગ્રહણ કર્યું.

નાનામાં નાના વ્ય ક્તઓને આદર આપ્યો માટે આપણે એક-બીજાને મળતાં હોઈએ છીએ. શ્રીકૃષ્ણ ભગવાને ગિરિરાજજીની પુજાની શરૂઆત પણ આ સમયે જ કરી. તેમણે વર્ષો જુની ઈન્દ્ર-યજ્ઞાની પરંપરાને તોડી અને નવો યજ્ઞા શરુ કરાવ્યો. એ યજ્ઞાનું નામ એટલે ગોવર્ધનની પૂજા. આ પૂજા એટલે પ્રકૃતિની પૂજા. કારતક મહિનાની સુદ બીજ એ યમ દ્વિતિયાના નામે પ્રસિદ્ધ છે. યમ રાજા પોતાના બેન યમુનાજીના ઘરે જાય છે. ભ ક્ત ભાવથી યમરાજાએ પોતાની બહેન યમુનાજીનું સન્માન કર્યું. યમુનાજીએ યમદેવ પાસે માંગ્યું કે જેના ગળામાં તુલસીની કંઠી હોય અને મુખમાં શ્રીકૃષ્ણનું નામ હોય એને ત્યાં તમારે જવું નહિં. આમ, ભાઈ બહેનના મિલનનું પર્વ એટલે ભાઈબીજ. કારતક મહિનાની સુદ પંચમી જે લાભ પંચમીના નામે પ્રસિદ્ધ છે. જેને જ્ઞાન પંચમી પણ કહેવાય છે અને પાંડવ સૌભાગ્ય પંચમી પણ કહેવાય છે. આ દિવસે પાંડવોના સૌભાગ્યનો ઉદય થયો હતો. આમ, વાક બારસથી લઈ લાભ પંચમી સુધીના આ દિપોત્સવના પર્વો એ આધ્યાત્મક અને ભાવાત્મક વિચારોને પ્રદાન કરવાવાળા છે. દિ પાવલી તહેવારમાં રંગોલીનું મહત્વ છે. રંગોલી બનાવવા માટે ગાયનો પોદરો ઉપયોગ કરીએ છીએ. જે સ્વયં અણુ રિએક્ટ છે. આથી ઘરમાં નેગેટિવ અને રજ ન આવે તે ગોવનો પોદર લીપીએ છીએ. અને રંગોલી પ્રતિક તરીકે બનાવી છે. જે સંદેશ છે. અમારા ઘરમાં રિધી-સિધી સાથે અમારા કર્મનું તેજ ઉત્પન્ન કરી અને અમારા જીવનમાં આનંદ-ઉમંગ બને.

દિપમાલા કરી આપણે આકાશમાં પ્રતિનીધી તરીકે પ્રકાશને માનીએ છીએ. ઉપરાંત જીવનમાં કર્મનો પ્રકાશ ઉજાસ શુદ્ધ કર્મ બની અને જીવનયાત્રા પ્રકાશમય બને. આ માટે દિપમાલા સાંજે પ્રગટાવી દેવતાને આવાહિત કરીએ છીએ.

જીવનમાં દરેક ભારતીય ત્રણ ભાવ સાથે દિવાળી રંગેસંગે મનાવે છે. ધનતેરસ- કાળીચૌદસ- દિપાવલી- નુતન વર્ષ આ ત્યોહવાર ખગોળવિજ્ઞાન સાથે બ્રહ્માંડ એમની પૂજા ભાવ સાથે છે.દરેક માનવ પોતાના કલ્યાણની ભાવના સાથે વર્તમાન સમય રિધી-સિધી મળે એટલે લક્ષ્મીનું પૂજન કરે તથા વિચારની શુદ્ધતા માટે મહાલક્ષ્મી પૂજન કરે છે. જે જ્યોતિ સ્વરૂપે અમારી બુદ્ધિ બને એ માટે વિદ્યા સ્વરૂપ પૂજન કરીએ છીએ.માનવ હંમેશા બે શક્તિ સામે ઘેરાયેલ છે. આસુરી શક્તિ - દેવી શક્તિ આપણા ઘરે રંગોલી બનાવી દિપ જલાવી અને દેવીશક્તિ પાસે બલ-પ્રાર્થના કરવા કુળદેવી આરાધના કરીએ છીએ અને નિવેદ ધરી આસુરી શક્તિ દૂર કરી પંચરંગી જીવનયાત્રા પોઝીટીવ વિચાર મને બલ મળે. જ્યોત પણ એટલે પ્રગટાવીએ છીએ.જીવન યાત્રા મેં અમારા પૂર્વજોના આશીર્વાદ બલ મળે અને જ્ઞાન રૂપી દિપ પ્રકાશિત બને અને જીવનયાત્રાનો કર્મયોગ બલ મળે, પંચરંગી બને. આ માટે કર્મયાત્રા દિન માની ચોપડા પૂજન - સરસ્વતી પૂજન કરીએ છીએ.આમ પૃથ્વી પર અમારા કર્મને સંપૂર્ણ શુદ્ધ બનાવાનો કાળ સ્વરૂપે આપી માનવને મહાનથી મહાન બનાવવા દિપાવલી પર્વ આગવી પહેચાન છે.આ મ જોવા જઈએ તો આનંદની દરેક પળ ઉત્સવ જ બની જાય છે. ઉત્સવમાં જેમ આનંદ હોય છે, તેમ જીવનમાં પણ આનંદ હોવો જોઈએ. આનંદ વગર ઉત્સવનો ચાર્મ મારયો જાય છે અને આનંદ વગર જીવનનો મર્મ કશો રહેતો નથી. મોટાભાગે લોકોના જીવનમાં બધું જ હોય છે પણ, આનંદ નથી હોતો. આનંદ માણસની તન-મનની તંદુરસ્તીનું ઔષધ છે.દિવાળીના પર્વો ખરેખર તો આનંદની ઉજવણી છે. પૂરા થતા વર્ષનો આનંદ અને નવીન વર્ષની વધામણીનો આનંદ. ગોખે તો દીવડા થાય જ છે પણ સાથોસાથ બત્રીસ કોઠે પણ દિવડા ઝગમગે. આપણી ભીતર પણ પ્રકાશ થાય છે. દિવાળીના તહેવારોમાં નવીનતાનો આનંદ હોય છે. બધું નવું નવું જ જોવા મળે. કપડાં નવાં, કલર નવો, રાચરચિલું નવું, માણસ પણ બહારથી નવોનક્કોર દેખાતો માલુમ પડે છે. ખરેખર તો માણસે અંદરથી નવીનતા લાવવી પડે. અને આ માટે જાતના પરિક્ષક-નિરિક્ષક જાતે બનવું પડે તો જ આપણા જીવનમાં દિવાળી જેવી ચેતના અને ઉજાસ ભવિષ્યમાં પથરાય. પછી આનંદનું સરનામું માણસને જડી જાય.દિ વાળી તથા નવીન વર્ષના રંગેચંગે સ્વાગતની તૈયારીમાં આપણે કેટલું બધું વિચારીએ છીએ અને કરીએ છીએ. પણ ખાલી લોકોને ઈમ્પ્રેશ કરવાથી દહાડા નથી વળતા. આપણે આપણા મનનો મેલ તથા મનમાં વિવિધ ગ્રંથીઓના બાઝેલા ઝાળાઓને પણ દૂર કરવા પડશે. તો જ મનમાં આનંદ પથરાશે. તો જ જીવનમાં ઝગમગાટ આવશે. વર્ષોથી મનમાં સંઘરી રાખેલા પૂર્વાગ્રહો, દુરાગ્રહો અને હઠાગ્રહો છોડવા પડશે. કોઈ ગ્રહ આપણને નડવા નવરો નથી, આપણે જ આપણી જાતને નડીએ છીએ. આપણો સ્વભાવ અને વ્યવહાર-વર્તણૂંક જ ઉપરથી જ આપણું મૂલ્યાંકન થતું હોય છે. બધું જ નવું કર્યું ને ઢોલ પીપ્યા પણ તમારી મેલી મંથરાવટી તો અકબંધ રાખી, તમે તો બદલાયા જ નહીં. શું મતલબ...?દિવાળી એટલે જ કહે છે કે દિલના કમાડને ઉઘાડા રાખો. દિલ આપીને દિલ જીતો. ખટાશ મીટાવીને મધુરા બનો. તમારા શ્રદ્ધા અને આનંદકેરા દીપને હમેશા ઝળહળતો રાખો. ગગન સુધી અને ધરા લગી પહોંચતા પહેલા ઘરના સભ્યોના કાન સુધી પહોંચો. અજ્ઞાનનો અંધકાર તો જ દૂર થાય જ્યારે જ્ઞાનનો દીવો પ્રગટે. તમને ખબર પડે કે છેવટે તો હું ઝિરો જ છું તે પહેલાં હીરો બનું એમાં જ જીવનસાફલ્ય છે. જેટલી સમજણ જીવનમાં વહેલી આવશે એટલું જીવન પેલી સળગતી કોઠીની જેમ રંગબેરંગી થશે. સમજણના અભાવે જ જીવન હવાઈ જાય છે.બહારના ભપકા અને ચળકાટનું આયુષ્ય લાંબું નથી હોતું. પણ જો એકવાર દિલમાં દિવો થાય તો જીવનમાં પણ ઉજાસ ફેલાતા વાર નથી લાગતી. સાથીયા અને રંગોળી હૃદયના દ્વારે પણ થવા જોઈએ. સાથોસાથ જ્ઞાનના દીવા, વિશ્વાસના દીવા, માણસાઈના દીવા, મહેનતના દીવા, પ્રેમ-મહોબ્બત-કરૂણા-દયા-મસ્તીના દીવા પણ જીવતરમાં કરવા જરૂરી છે.દિવાળી એ માત્ર આનંદ ઉત્સવ જ નહિં, બલ્કે જાતના પોસ્ટમોર્ટમનો પણ અવસર છે. વર્ષ દરમ્યાન કરવા જેવું શું ન કર્યું અને ન કરવા જેવું શું કર્યું એની વિગત પણ જાત પાસેથી માંગવાનો અવસર છે. બાકી, ઉંમરલાયક તો ગાંડાઓ પણ થાય છે પણ, તમે શાના લાયક બન્યા...? બુદ્ધિની શુદ્ધિ ક્યારે કરશો...? આમના આમ તો વર્ષો વિતતા રહેશે ને તમેય વીતી જશો.

